# 'श्रीमच्छङ्करदिग्विजयः' મહાકાવ્યનું આંતર માળખું

પ્રો. ડૉ. સુરવીરસિંહ આઈ. ઠાકોર
આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ, ઓલપાડલ જિ. સુરત

## ૧. પ્રસ્તાવના

કવિશ્રી વિદ્યારણ્ય સ્વામી – માધવાચાર્યએ 'श्रीमच्छङ्करदिग्विजयः'માં સોળ સર્ગના નામ આપ્યાં છે. તેમાં સર્ગમાંની કથાવસ્તુનો કેન્દ્રવર્તી વિચાર કે પ્રસંગને આવરી લઈને સર્ગનું નામ આપ્યું છે. જે મહાકાવ્યના લક્ષણોમાં સૂચિત કર્યા મુજબ ખૂબ જ યોગ્ય રીતે ચરિતાર્થ થાય છે. આ રીતે માધવાચાર્યે 'श्रीमच्छङ्करदिग्विजयः' મહાકાવ્યનું આદર્શરૂપે સર્જન કરી, એક શ્રેષ્ઠ કક્ષાનું મહાકાવ્ય લખ્યું છે. આ સર્ગનામની યોગ્યતાની છણાવટ નીચે પ્રમાણે જોઈ શકાય છે.

## ૨. સર્ગ

કવિશ્રી માધવાચાર્યે અધ્યેય મહાકાવ્યનું ખૂબ જ માવજતથી સર્જન કર્યું છે. 'श्रीमच्छङ्करदिग्विजयः'માં કવિશ્રીએ મહાકાવ્યના તમામ લક્ષણોનો સુપેરે નિર્વાહ કર્યો છે. 'श्रीमच्छङ्करदिग्विजयः' મહાકાવ્યને માધવાચાર્યે સોળ સર્ગમાં વિસ્તરીત કર્યું છે. આ સોળેય સર્ગમાં શ્લોકોની સંખ્યા મહાકાવ્યના લક્ષણાનુસાર ત્રીસથી બસો અંતર્ગત સમાવિષ્ટ થઈ જાય છે. આ તમામ સર્ગને છંદબદ્ધ શ્લોકમાં નિબદ્ધ કર્યા છે.

કવિશ્રી માધવાચાર્યે અધ્યેય મહાકાવ્યમાં અનેક છંદો પ્રયોજ્યા છે. જેવા કે, ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, શિખરિણી, મંદાક્રાન્તા, પ્રહર્ષણી, ઉપજાતિ, આખ્યાનકી, વંશસ્થ, વિયોગિની, વિપરીતપૂર્વા, સ્વાગતા, દ્રુતવિલંબિત, માલિની, પુષ્પિતાગ્રા, શાલિની, તોટક, મત્તમયુર, હિરણી, પ્રમિતાક્ષરા, વસંતતિલકા, વસંતમાલિકા વગેરે. જે અંતર્ગત કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે. કવિશ્રી માધવાચાર્યે શંકર ગુણગાન કરવામાં પોતાનામાં જે સમર્થતા છે તે શંકર જેવા સદ્‌ગુની કૃપાને કારણે છે. આ વાતને કવિએ શાર્દૂલવિક્રીડિત છંદના સુંદર સહયોગથી નિરૂપિત કરી છે, જે દૃષ્ટવ્ય છે.

"क्वेमे शङ्करसद्गुरोर्गणगणा दिग्जालकूलङ्कषाः –
कालोन्मीलितमालतीपरिमलावष्टम्भमुष्टिंधयाः ।
क्वाहं हन्त तथा पि सद्गुरूकृपापीयूषपारम्परी –
मग्नोन्मग्नकटाक्षवीक्षणबलादस्ति प्रशस्ता र्हता ॥"

– – – ∪ ∪ – ∪ – ∪ ∪ ∪ –  – – ∪ – –  ∪ –
म स ज स त त ग

ઉપરોક્ત શ્લોકમાં म, स, ज, स, त, त, ग એવું ગણ પરિમાણથી યુક્ત ચાર ચરણો છે તથા ૧૯ અક્ષરો આવેલા છે માટે આ શાર્દૂલવિક્રીડિત છંદ થાય છે. 'शार्दूलविक्रीडितं म्सौ ज्सौ तौ गादित्यऋषयः ।'[૨૬]

म, स, ज, स, त, त, ग એવું ગણમાપની સાથે બારમા અક્ષરે અને ચરણાંતે યતિ હોય એવા ચાર ચરણોવાળા છંદને શાર્દૂલવિક્રીડિત છંદ કહેવાય છે.

'श्रीमच्छङ्करदिग्विजय:'માં મન્દાક્રાન્તા છંદનો પ્રયોગ પણ દર્શનીય છે.

"अज्ञानान्तर्गहनपतितानात्मविद्योपदेशै –
स्रातुं लोकान् भवदवशिखातापपापच्चमानान् ।
मुक्त्वा मौनं वटविटपिनो मूलतो निष्पतन्ती –
शंभोर्मूर्तिश्चरति भुवने शंकराचार्यरूपा ॥"

_ _ _ _ ∪∪∪ ∪∪_ _∪_ _∪_ _
म भ न त त ग ग

પ્રસ્તુત શ્લોકમાં દરેક ચરણમાં ક્રમશઃ म ગણ, भ ગણ, न ગણ, त ગણ, त ગણ અને અંતે બે ગુ ગણ ग ग વિદ્યમાન છે, તેથી મંદાક્રાન્તા છંદ થયો છે. વર્ષાઋતુ, પ્રવાસ અને દુઃખના વર્ણનમાં મંદાક્રાન્તા છંદ સારો લાગે છે.[૨૮] અહીં પ્રસ્તુત શ્લોકમાં ભગવાન શંકરના મૂર્તિમંત રૂપ આચાર્ય શંકરનું ભુવન ભ્રમણનું વર્ણન કર્યું છે.

આ જ રીતે અન્ય છંદો – ઉપજાતિ (૧/૧૨), પૃથ્વી (૧/૫), શિખરિણી (૪/૫૮), સ્રગ્ધરા (૧/૧૪), પ્રહર્ષિણી (૧/૯૮) વગેરે જોઈ શકાય છે.

### ૩. વર્ણનો

'श्रीमच्छङ्करदिग्विजय:' મહાકાવ્યમાં કવિશ્રી માધવાચાર્યે વર્ણનોમાં ખૂબ જ વૈવિધ્યપૂર્ણ નિરૂપણ કર્યું છે. કવિ માધવાચાર્યે અધ્યેય મહાકાવ્યમાં અનેક ગ્રામ, નગર, જનપદ, અગ્રહાર તથા તુંગભદ્રા, રેવા, શોણ, સરયૂ, નર્મદા, ગંગા, અલકનંદા તથા કાવેરી જેવી નદીઓ, તો વળી મહાકાલેશ્વર, ભગવાન વિશ્વેશ્વર, કેદારેશ્વર, ભગવાન દ્વારકાધીશ, ગોકર્ણેશ્વર, પ્રભુ જગન્નાથ જેવા આરાધ્ય દેવતાઓનું ભક્તિભાવયુક્ત મનભાવન વર્ણન કર્યું છે.

કવિ પ્રકૃતિની ગોદીમાં સા□દર્યના શિરમોર સમાન વિંધ્ય, શ્રીશૈલ જેવા પર્વત અને પ્રયાગ, કાશી, અયોધ્યા, બદ્રીનાથ, હરિદ્વાર, માહિષ્મતી, કાંચી જેવા પ્રદેશોનું મનોહારી વર્ણન કરી સુંદર શબ્દચિત્રો ઉપસાવી શક્યા છે. માધવ જમ્મુ–કાશ્મીરના સર્વજ્ઞપીઠથી લઈ રામેશ્વરમ્‌ના સેતુબંધ સુધી તથા દ્વારકાથી શરૂ કરી પુરી સુધીના ચોલ, વિદર્ભ, કેરલ, કુક્ષેત્ર, કર્ણાટક, મગધ, કોસલ, અંગ, બંગ, નેપાળ તેમજ કલિંગ ઉપરાંત ભારતવર્ષના તમામ ભૂભાગ, વાચકના મનને એક ભૌગોલિકતાના ભાવાત્મક સૂત્રથી નિબદ્ધ કરી લે છે.

માધવાચાર્યે ગુ–શિષ્યની પરમપૂત પરમ્પરાનું વર્ણન કરી ભાવકને અત્યંત ગહનતાથી પ્રભાવિત કર્યા છે. વર્ણનો ઉદાહરણાર્થે જોઈએ તો અધ્યેય મહાકાવ્યમાં શંકર ગુણનું વર્ણન કરતાં માધવે નોંધ્યું છે કે ...

"द्युवनान्त इवामरद्रुमा अमरद्रुष्विव पुष्पसंचया: ।
भ्रमरा इव पुष्पसंचयेष्वतिसंख्या: किल शंकरेगुणा: ॥"

'દેવતાઓના ઉપવન (નંદનવન)માં કલ્પવૃક્ષોની જેમ, કલ્પવૃક્ષોમાં ફૂલોના સમૂહની જેમ તથા ફૂલોના સમૂહમાં ભ્રમરોની જેમ શંકરમાં સર્વગુણ વ્યાખ્યાયીત હતા.' આમ, અહીં કવિઓ થોડામાં ઘણું કહીને શંકરાચાર્યમાં રહેલ અવ્યાખ્યેય ગુણોના સમૂહની સુંદર છણાવટ કરી દીધી છે. શરદઋતુમાં ચમકતા ચંદ્રનું વર્ણન ઉપમા અલંકારના સહારે સુંદર રીતે કર્યું છે.

"शीतदीधिरसौ जलमुग्भिर्मुक्तपद्धतिरतिरस्फुट कान्तिः ।
भाति तत्त्वोविदुषामिव बोधो मायिकावरणनिर्गमशुभ्रः ॥"

'આ ચંદ્રમા વાદળોના અવરોધાયેલા માર્ગથી મુક્ત થવાથી અત્યંત નિર્મળ કાંતિથી તે એવી રીતે ચમકે છે, જેમ કે તત્ત્વજ્ઞાનીઓનું માયાનું આવરણ દૂર થવાથી નિર્મળ જ્ઞાન.'યમુનાજીનું પ્રયાગમાં મંદ પડેલા પ્રવાહનું સુંદર વર્ણન જોવા મળે છે.

"गङ्गाप्रवाहैरूपरूद्धवेगा कलिन्दकन्यास्तिमितप्रवाहा ।
अपूर्वसख्यागतलज्जयेव यत्राधिकं भाति विचित्रपाथाः ॥"

'યમુનાજીની ધારા ખૂબ વેગવતી છે, પરંતુ ગંગાના પ્રવાહને કારણે તે પ્રયાગમાં અટકીને વહે છે. આથી એના પ્રવાહમાં સ્થિરતા છે. લાગે છે કે, યમુના પોતાની નવી સખી ગંગાને મળવાથી લજ્જાને કારણે મંદગતિથી વહી રહી છે. નવી સખીની સામે ઉતાવળ કરવી યોગ્ય નથી હોતી.'

અહીં એક સખી પોતાની નવી સખી આગળ કેવી રીતે પ્રસ્તુત થાય છે તે અને તેના મનોજગતમાં કેવા ભાવ હોય છે, તે કેવી રીતે નવી સખીને પ્રભાવિત કરી શકે છે તે વાતને સુંદર રીતે રજૂ કરીને કવિ માધવાચાર્યે મનોવૈજ્ઞાનિક અભિગમ દ્વારા આહ્લાદક વર્ણન કર્યું છે.

આ ઉપરાંત અધ્યેય મહાકાવ્યમાં વર્ષા (૫/૧૨૯–૧૪૦), મધ્યાહ્ન (૬/૨૧–૨૪) પ્રયાગ (૭/૬૩–૬૭), શિવગંગા, કાવેરી, શ્રૃંગગિરિ, દ્વારકા, ઉજ્જૈની, કાશ્મીર, કેદાર વગેરેનું મનોરમ્ય વર્ણન કર્યું છે. ઉપર્યુક્ત તમામ વર્ણનો મહાકાવ્યના લક્ષણ અનુસાર જોવા મળે છે. વળી, આ વર્ણનો અધ્યેય મહાકાવ્યમાં સપ્રમાણ જોવા મળે છે. વર્ણનો કોઈપણ જગ્યાએ કથા– વસ્તુના કાર્યવેગમાં અવરોધ રૂપ બનતા નથી. વર્ણનોની વણઝાર નથી જેથી વાચકને સાહજિકતાનો અનુભવ થતો જોવા મળે છે. આ વર્ણનો અધ્યેય મહાકાવ્ય 'श्रीमच्छङ्करदिग्विजयः' ને મહાકાવ્યત્વ અપાવવામાં ઉપકારક નિવડતાં જોઈ શકાય છે.

## ૪. અલંકારો

અધ્યેય મહાકાવ્યમાં કવિશ્રી માધવાચાર્યે આશરે પંચાવન જેટલા વિવિધ શબ્દાલંકારો તથા અર્થાલંકારો નિરૂપ્યા છે. જેવા કે, શ્લેષ, ઉપમા, નિદર્શના, દ્દષ્ટાંત, રૂપક, દીપક, વ્યતિરેક તેમજ યમક, પરિકર, અંત્યાનુપ્રાસ,શ્રુત્યાનુપ્રાસ વગેરે.એમાંથી થોડા ઉદાહરણો જોવા પ્રયાસ કરીશું.

ઉપમા અલંકારના નિર્વાહ દ્વારા સંન્યાસી શંકરનું સુંદર નિરૂપણ કરતાં માધવાચાર્યે નોંધ્યું છે કે..

"न प्राकृतस्त्वं सकलार्थदर्शी महानुभावः पुरुषो सि कश्चित् ।
यो ब्रह्मचर्याद् विषयान्निवार्य पर्यव्रजः सूर्य इवान्धकारान् ॥"

'તમે પ્રાકૃત (સાધારણ) પુષ નથી પણ શાસ્ત્રો સંબંધી સઘળા વિષયોને જાણનારા કોઈ મોટા પ્રભાવવાળા પુષ છો. કારણ કે જેમ સૂર્ય અનાયાસે અલંકારોનું નિવારણ કરીને ક્ષિતિજમાંથી ચાલી નીકળે છે તેમ તમે અનાયાસે જ વિષયોનું નિવારણ કરીને બ્રહ્મચર્ય આશ્રમમાંથી ચાલી નીકળ્યા (સંન્યાસી થયા) છો.'

અહીં 'સૂર્ય' એ ઉપમાન છે, 'न' (તમે) ઉપમેય છે, 'इव' એ ઉપમા પ્રતિપાદક શબ્દ છે અને 'निवार्य' (નિવારણ) એ સાધારણ ધર્મ છે. આમ, અહીં ઉપમાના ચારેય અંગો હાજર છે, માટે પૂર્ણોપમા અલંકાર બને છે. વ્યતિરેક અલંકાર દ્વારા માધવે શંકરનું સુંદર અંગવર્ણન કરતાં લખ્યું છે કે ....

"मुहुः सन्तो नैजं हृदयकमलं निर्मलतरं-
विधातुं योगीन्द्राः पदकमलमस्मिन्निदधति ।
दुरापां शक्राद्यैर्वमति वदनं यन्नवसुधां-
ततो मन्ये पाद्मात् पदमधिकमिन्दोश्च वदनम् ॥"

'સંત, યોગીન્દ્ર લોક પોતાના હૃદયકમળને નિર્મળ બનાવવા માટે પોતાના હૃદયમાં શંકરના પદકમળને ધારણ કરે છે. એમનું મુખ ઈન્દ્રાણિ દેવતાઓથી પણ દુષ્પ્રાપ્ય નવીન સુધાને કાઢે છે. એટલા માટે હું કહું છું કે એમના ચરણકમળથી શ્રેષ્ઠ તથા મુખ ચંદ્રમાથી શ્રેષ્ઠ છે.'

અહીં પદ્મ અને ચંદ્ર ઉપમાન કરતાં પગ અને વદન ઉપમેયનું આધિક્ય વર્ણવ્યું છે માટે વ્યતિરેક અલંકાર બને છે.

શ્રી શંકરાચાર્યની મુલાકાત યોગી ગૌડપાદાચાર્ય સાથે થાય છે. યોગી ગૌડપાદાચાર્યનું વર્ણન કરતાં માધવાચાર્યે લખ્યું છે કે ....

"पाणौ शोणाम्भोजबुद्धया समन्ताद् भ्राम्यद्भृङ्गीमण्डलीतुल्यकुल्याम् ।
अंङ्गुल्यग्रासङ्गिरुद्राक्षमालामङ्गुष्ठाग्रेणासकृद् भ्रामयन्तम् ॥"

'આંગળીઓના અગ્રભાગમાં રહેલી દ્રાક્ષની માળા કે જે હાથમાં રક્તકમળની ભ્રાંતિથી જાણે ચારે તરફ ભમતી ભ્રમરીઓની મંડળી હોય એવી લાગતી હતી તેને અંગૂઠાના અગ્રથી વારંવાર ફેરવતા હતા.' ઉપર્યુક્ત શ્લોકમાં ગૌડપાદાચાર્યનું વર્ણન કરતાં ઉત્પ્રેક્ષા અલંકાર નિપજ્યો છે. અહીં દ્રાક્ષની માળામાં ભમરીઓની મંડળીની સંભાવના વ્યક્ત કરી છે. શ્રી શંકરાચાર્યના ગુણ વર્ણનમાં રૂપક અલંકાર દૃષ્ટવ્ય છે.

"सुयशःकुसुमोच्चयः श्रयद्विबुधालिगुर्णपल्लवोद्गमः ।
अवबोधफलः क्षमारसः सुरशाखीव रराज सूरिराट् ॥"

'વિદ્વાનોમાં શિરોમણી આચાર્ય શંકર કલ્પવૃક્ષની જેમ શોભતા હતા. એમનો યશ કલ્પવૃક્ષના ફૂલના સમુદાય જેવો હતો. એમને ત્યાં આશ્રય લેનાર વિદ્વાન કલ્પવૃક્ષના ભમરાઓ જેવા હતા. ગુણ પલ્લવો સમાન, જ્ઞાન ફળ સમાન અને કલ્પવૃક્ષને જેમ રસ હોય છે તેમ આ શંકરરૂપ કલ્પવૃક્ષને ક્ષમારૂપી રસ હતો.' અહીં શંકર ઉપમેય અને કલ્પવૃક્ષ ઉપમાન, એ બન્નેનું અભેદરૂપે કથન કર્યું છે, માટે રૂપકાલંકાર બને છે.

"तत्त्वज्ञानफलेग्रहिर्धनतरव्यामोहमुष्टिंधयो-
निःशेषव्यसनोदरंभरिरघप्राग्भारकूलङ्कषः ।
लुंटाको मदमत्सरादिविततचस्तापत्रयारूंतुदः -
पादः स्यादमितंपचः करुणया भद्रङ्करः शङ्करः ॥"

'તત્ત્વજ્ઞાનરૂપી ફળને ગ્રહણ કરનાર, અત્યંત સજ્જક મોહને મુઠ્ઠીથી દબાવીને ચૂસી લેનારો (અર્થાત્ મોહનાશક) ભક્તોના સમગ્ર દુ:ખ વડે પેટ ભરનારો (દુ:ખભક્ષક), અત્યંત પાપને મૂળમાંથી ઉખેડી નાંખનારો, મદ, મત્સર, દંભ, આદિ દુર્ગુણોની પંક્તિને લુંટી લેનાર, આધ્યાત્મિક, આધિભોતિક અને આધિદેવિક, એવા ત્રણ તાપના મર્મને તોડનાર અર્થાત્ નાશ કરનાર, એવો શંકરનો ઉદાર ચરણ કણા વડે કલ્યાણ કરનારો થાય.'

માધવાચાર્ય શંકરનું અંગ વર્ણન કરતાં ઉપર્યુક્ત શ્લોકમાં દીપક અલંકાર પ્રયોજી શંકરાચાર્યના ચરણનું વર્ણન કરે છે. અહીં શંકરનો પાદ વાક્યના અંતમાં રહીને અનેક વાક્યોના અન્વયમાં ઉપકારક છે માટે દીપકાલંકાર બને છે.

ગંગા કિનારે શિષ્યોને વિદ્યા અધ્યયન કરાવતા શંકરાચાર્ય પાસે આવેલ વ્યાસજીની સ્તુતિમાં વ્યતિરેક અલંકારનો વિનિયોગ દૃષ્ટવ્ય છે.

"द्वीपे क्वचित् समुदयन्नृतमेव धाम-
शाखासहस्त्रसचिवः शुकसेव्यमानः ।
उल्लासयत्यहह यस्तिलको मुनीना-
मुच्चैः फलानि सुदृशां निजपादभाजाम् ॥"

'પરબ્રહ્મરૂપ આપ મુનિઓના તિલક સમાન છો એ યથાર્થ છે. કારણ કે કોઈ બેટમાં જન્મ્યા છો. હજારો શાખાઓવાળા છો અને શુકે સેવેલા છો. પરંતુ આપમાં આધિક્ય એ છે કે તિલક વૃક્ષ પોતાને માથે ચડનારાઓને જ ઊંચા ફળો આપે છે અને આપ તો આપના ચરણને સેવનારાઓને પણ ઊંચા ફળો (મોક્ષાદિક) આપો છો.'

અહીં ઉપમાનભૂત તિલકવૃક્ષ અને ઉપમેયભૂત વ્યાસ તેઓના વિશેષનું (તફાવતનું) વર્ણન કર્યું છે અને ઉપમેય શંકરને ઉપમાન તિલકવૃક્ષ (કલ્પવૃક્ષ) કરતાં ચઢિયાતા દર્શાવ્યા છે માટે વ્યતિરેક અલંકાર થાય છે.

"लोकत्रयी लोकदृशेव भास्वता महीधरेणेव मही सुमेरूणा ।
विद्यां विनीत्येव सती सुतेन साररराज तत्तादृशराजतेजसा ॥"

'જેમ જગતના નેત્રરૂપ સૂર્યથી ત્રિલોકી (ત્રણે લોક) શોભે છે અને ઉત્તમ મે પર્વત વડે જેમ પૃથ્વી શોભે છે તેમ, વિદ્યા વડે વિનયયુક્ત થયેલા અને સમચંદ્રાદિક રાજાઓનું જેનામાં તેજ છે. (અથવા સૂર્યાદિ તુલ્ય જેમાં રાજતેજ છે) એવા તે પુત્ર વડે સતી શોભતી હતી.'
અહીં ઉપર્યુક્ત શ્લોકમાં 'लोक, मही, तेन, राज'વગેરે પદની પુનરાવૃત્તિ જોવા મળે છે, માટે અહીં યમક અલંકાર બને છે.

ઉપર્યુક્ત ઉદાહરણો ઉપરાંત માધવાચાર્યે અનેક અલંકારો પ્રયોજ્યા છે. જેવા કે, શ્લેષ (૧૨– ૯ થી ૨૦), આક્ષેપાલંકાર (૧–૧૧), વિષમ (૧–૧૫), સંસૃષ્ટિ (૧–૭), નિદર્શના (૧–૧૨), દૃષ્ટાંત (૯–૧૫),ચિત્રાલંકાર (૨–૪૭), સંકર (૨–૮૯) પરિકર (૭–૧૧૦), અંત્યાનુપ્રાસ (૩–૮૧), શ્રુત્યાનુપ્રાસ (૧–૪૭) આ ઉપરાંત બીજા અલંકારો પણ જોઈ શકાય છે.

સર્ગાન્તે પછીના સર્ગની કથાવસ્તુનું સૂચન કરવામાં આવ્યું છે. જેમ કે પ્રથમ સર્ગ ‘उपोद्घात’ના અંતિમ શ્લોકમાં મહાદેવ શંકર વિશે લખ્યું છે કે, ‘તે પછી સંસારરૂપી (જન્મ–મરણરૂપી) સમુદ્રમાં ડુબેલા આ જગતનો અદ્વૈત શાસ્ત્રરૂપી નાવ વડે ઉદ્ધાર કરવાની ચંદ્રશેખર મહાદેવે ઈચ્છા કરી.’ (૧–૯૮) બાદ બીજો સર્ગ ‘अवतारकथा’ના આરંભમાં જ ‘મહેશ્વર કેરલ દેશમાં વૃષાદી પર્વત ઉપર પૂર્ણા નદીને કિનારે સ્વયંભૂ જ્યોતિર્લિંગ રૂપે પ્રગટ થયા’ (૨–૧)નો ઉલ્લેખ કર્યો છે. જે પ્રથમ સર્ગમાં અંતે કરેલ ઉલ્લેખનું સંધાન થયેલું જોઈ શકાય છે. આ જ રીતે અન્ય સર્ગોમાં પણ સર્ગાન્તે ભાવિ સર્ગની કથાવસ્તુનું સૂચન થયેલું જોવા મળે છે.

### ૫. કથાવસ્તુ

‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યનું કથાવસ્તુ રામાયણ, મહાભારત જેવા ઐતિહાસિક ગ્રંથ કે પુરાણ પ્રસિદ્ધ અલગ છે. જે વાસ્તવમાં ભારતીય જનમાનસ પર પોતાનું આધિપત્ય ધરાવે છે, એવા ‘શ્રી જગત્‌ગુશંકરાચાર્યજી’ના જીવનવૃત્તાંત ઉપરથી ‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યનું કથાવસ્તુ કવિશ્રી માધવાચાર્યે નિરૂપ્યું છે. શંકરાચાર્યનું જીવન હિંદુ ધર્મ સંસ્કૃતિના ઉત્થાનાર્થે સમર્પિત હતું. જે વાતનો સમુચિત વિનિયોગ કરીને સોળ સર્ગમાં આવરી લઈને સુંદર રચના બની છે. શંકરાચાર્યનું પાત્ર, કથા તથા તેમનું સત્કર્મ ભારતવર્ષમાં અત્યંત પ્રસિદ્ધિ પામ્યું હતું. અનેક વર્ષો બાદ પણ એ લોકપ્રિયતા આજે પણ અક્ષુણ્ણ છે.

એ રીતે મહાકાવ્યમાં નિરૂપિત લક્ષણો મુજબ યોગ્ય કથાવસ્તુની પસંદગી કરી કવિએ સુંદર કાવ્યસર્જન કર્યું છે.

### ૬. રસ

‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યનો રસ લક્ષણમાં નિર્દેશ્યા પ્રમાણે મુખ્ય રસ ‘શાંત’ છે અને સહાયક રસો તરીકે શૃંગાર, હાસ્ય, કણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત રસ ગૌણ સ્વરૂપે નિરૂપાયેલા છે. આ અંગે સ્પષ્ટતા કરતાં કવિશ્રી માધવાચાર્યે લખ્યું છે કે,‘शान्तिर्यत्र प्रकचति रसः शेषवानुज्जवलाद्यैः ।’‘જેમાં શૃંગારાદિક બાકીના રસો સહિત પ્રધાનભૂત શાંતરસ પ્રકાશે છે.’ શાંતરસમાં સ્થાયીભાવ શમ છે.

### ૭. નાયક

‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યનો નાયક લોકોત્તર પ્રકૃતિનો છે. આ કાવ્યમાં દેવાધિદેવ મહાદેવ સદેહે મનુષ્યવતાર ધારણ કરીને અવતરે છે. પિતા શિવગુ અને માતા સતીને ત્યાં શ્રી શંકર સ્વરૂપે (મનુષ્યદેહે) જન્મ લે છે. કવિશ્રી માધવાચાર્યે લખ્યું છે કે, ‘नेता यत्रोल्लसति भगवत्पादसंज्ञो महेशः ।’ અર્થાત્ – ‘જે કાવ્યમાં ‘ભગવત્પાદ’ એવું જેનું નામ છે એવા શંકર નાયકરૂપે શોભે છે.’

આમ, નાયક શ્રી શંકરાચાર્ય દૈવી અવતારે (મનુષ્યદેહે) રહેલ મહાદેવ શ્રી શંકર ભગવાન સ્વયં છે. જે ધીર પ્રકૃતિના છે, ચતુર છે, ઉદાત્ત છે, સાથે લોકકલ્યાણની ચરમ ભાવના યુક્ત પ્રકૃતિવાળા છે. જે ધર્મ ક્ષેત્રે દિગ્વિજય પ્રાપ્ત કરતા મહાકાવ્યના ઉત્તરાર્ધમાં દર્શાવવામાં આવ્યા છે અને સર્વજ્ઞનું બિદ પ્રાપ્ત કરી કેદાર મઠમાં નિવાસ કરતા દર્શાવાયા છે. જે મહાકાવ્યના લક્ષણોનુંસાર નિરૂપાયેલ છે.

## ૮. પ્રયોજન

‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યમાં કવિશ્રી માધવાચાર્ય જગત્ગુ શંકરાચાર્યને નાયક તરીકે નિરૂપી સાથે આચાર્ય શંકર દ્વારા સમગ્ર પ્રજામાનસ ઉપર વિધર્મનો પ્રભાવ હતો તેને નાશ કરવાનું ભગીરથ કાર્ય કરી, ધર્મ વિજય પ્રાપ્ત કરે છે, સાથે પ્રજામાં રહેલ અંધશ્રદ્ધા, દુરાચાર, પાપાચાર વગેરેને દૂર કરવાનું કાર્ય પણ કરે છે અને પોતાના અદ્વૈતવાદના સિદ્ધાંતનું સ્થાપન કરી પ્રજામાં રહેલ અજ્ઞાનને દૂર કરે છે. આવું અત્યંત મુશ્કેલ ભગીરથ કાર્ય નાયક અને શંકરાચાર્ય દ્વારા કરવામાં આવ્યું છે. બૌદ્ધો તથા જૈનો દ્વારા જે રીતે પ્રજાને ધર્મવિમુખ કરવામાં આવી રહી હતી તેને અટકાવી હિંદુ ધર્મનું પુનઃસ્થાપન કરવાનું મહાન કાર્ય નાયક આચાર્ય શંકરે કર્યું છે, માટે ધર્મના નામના પુષાર્થની સિદ્ધિ થાય છે.

ઉપરાંત પ્રજામાં રહેલ અજ્ઞાનને દૂર કરવાનું કાર્ય પણ શંકરાચાર્ય દ્વારા કરવામાં આવ્યું છે. કવિએ લખ્યું છે કે, ‘यत्राविद्याक्षतिरपि फल’ અર્થાત્ ‘અવિદ્યાનો નાશ જેમાં ફલ છે.’ જે યથાર્થ સ્વરૂપે મહાકાવ્યમાં પ્રતિપાદિત થતું જોવા મળે છે અને જગત્ગુના જીવનચરિત્ર ઉપર આધારિત આ મહાકાવ્ય વાચક વર્ગને બ્રહ્માનંદની પ્રાપ્તિ કરાવે છે અને લોકોના ચિત્તનું રંજન અવશ્ય કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.
આ ઉપરાંત આ મહાકાવ્યમાં ....

- હસ્તામલક વૃત્તાંત, મત્સ્યેન્દ્ર કથા, તોટકાચાર્ય કથા જેવાં અનેક–વિવિધ વૃત્તાંતોથી યુક્ત છે.
- અહીં રીતિયુક્ત, કાવ્યગુણોથી સંપન્ન મહાકાવ્ય છે.
- ‘श्रीमच्छङ्करदिग्विजयः’ મહાકાવ્યનો નાયક અને કથાવસ્તુ બન્ને ખૂબ જ પ્રભાવક છે જે યુગાન્તે પણ સ્થિર રહી શક્યા છે અને રહી શકે તેવી ક્ષમતાથી સંપન્ન છે. વર્ણનોનું વૈવિધ્ય છે. શાંતરસ મુખ્ય છે સાથે સહાયક રસોથી યુક્ત છે. વળી, ઉચ્ચ કાવ્ય પ્રતિભાવંત કવિની વિદ્વતાનો સંસ્પર્શ મળ્યો છે.

આમ, આ બધા જ ગુણોથી યુક્ત ‘श्रीमच्छङ्करदिग्विजयः’ સાચા અર્થમાં ‘મહાકાવ્ય’ શબ્દને ચરિતાર્થ કરે છે. મહાકવિ શ્રી માધવાચાર્યને પણ ‘મહાકવિ’ બિદના અધિકારી તરીકે સ્વીકારવા જ યોગ્ય લેખાય છે.

## સંદર્ભ ગ્રંથ

૧. ‘श्रीशङ्करदिग्विजयः’
૨. ‘छंदःशास्त्रम्’
૩. ‘माधवीयश्रीमच्छङ्करदिग्विजयः’
૪. ‘सुवृत्ततिलकम्’
૫. ‘काव्यप्रकाश’
૬. ‘काव्यादर्श’
૭. ‘साहित्यदर्पण’